ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com Website : www.bjpguj.org

**પ્રેસનોટ** **તા. ૦૩/૦૨/૨૦૧૨**

ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ-ડૉક્ટર સેલના પ્રદેશ કન્વીનરશ્રી ડૉ. અનિલ પટેલ અને અમદાવાદ શહેર ડૉક્ટર સેલના કન્વીનરશ્રી ડૉ. ધર્મેન્દ્ર ગજ્જરે આજે અખબારી યાદી આપતા જણાવ્યું છે કે, "**સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ**"ની ઉજવણીના ભાગરૂપે ભાજપા ડૉક્ટર સેલ દ્વારા એક "**ક્રિકેટ ટુર્નામેન્ટ**"નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં શહેરના યુવાનો અને નામાંકતિ ડૉક્ટરોની **કુલ ૧૬ ટીમો** ભાગ લેશે. દરેક વિધાનસભા દીઠ એક ટીમ આ ટુર્નામેન્ટમાં રમશે. આ ટુર્નામેન્ટમાં **કુલ ૨૫૬ નામાંકિત ડૉક્ટરો** પોતાની ખેલ પ્રતિભા બતાવશે.

ટુર્નામેન્ટનો હેતુ યુવા શક્તિને સંગઠિત કરીને તેને પક્ષની વિચારધારા સાથે જોડીને ગુજરાતના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે તે માટેનો છે. ડૉક્ટરો પોતાના રોજીંદા કામકાજમાંથી મુક્ત થઈને રમત-ગમતને પણ પ્રોત્સાહિત કરે તે માટે આ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન થયું છે.

એમ. જી. સાયન્સ કૉલેજના મેદાન પર આ ટુર્નામેન્ટ **દર રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે** રમાશે. જેની **શરૂઆત તા. ૦૫/૦૨/૨૦૧૨ને રવિવારના રોજ શ્રી પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશ પ્રમુખશ્રી-યુવા મોરચો, શ્રી રાકેશભાઈ શાહ-શહેર પ્રમુખ અને ધારાસભ્યશ્રી તથા શ્રી ગૌરાંગભાઈ પટેલ, પ્રદેશ કન્વીનરશ્રી-રમતગમત સેલના હસ્તે** થશે. આ ટુર્નામેન્ટની **પુર્ણાહુતી ૨૫/૦૩/૨૦૧૨ને રવિવારે** થશે.

**(ડૉ. જગદીશ ભાવસાર)**
**કન્વીનર-મીડીયા સેલ**